INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

---

**અખબારી યાદી** **તા. 27-8-2025**

સુપ્રિમ કોર્ટનો સમાન કામ, સમાન વેતન અંગેનો ઐતિહાસિક ચુકાદો આવ્યો છે, ભાજપ સરકાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાનો તાત્કાલિક અમલવારી કરે તેવી માંગ કરતાં ગુજરાત કોંગ્રેસના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશ અને ખાસ કરીને ગુજરાત માટે નામદાર સર્વોચ્ચ અદાલતના ઐતિહાસિક ચુકાદામાં ગુજરાતના કરાર આધારિત સહાયક પ્રોફેસરો માટે સમાન કામ, સમાન વેતનના સિદ્ધાંતને સંપૂર્ણપણે બહાલી આપવામાં આવી છે. એના કારણે લાંબા સમય એટલે કે ૧૦-૧૫ વર્ષથી કાર્યરત સહાયક પ્રોફેસરો કે જેમનું આર્થિક શોષણ થતું હતું તેમાંથી તેમને મુક્તિ મળશે. આ ચુકાદો માત્ર આર્થિક દ્રષ્ટિએ નહીં પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલતે જે વાત કરી છે એ સમગ્ર દેશ અને ખાસ કરીને ગુજરાત માટે ચેતી જવાની અને સૌના માટે ચેતવણીરૂપ છે. નામદાર સર્વોચ્ચ અદાલતે એના ચુકાદામાં સ્પષ્ટપણે ટિપ્પણીમાં કહ્યું કે, અધ્યાપકો, શિક્ષકો એ દેશના ઘડતર માટેની ભૌતિક સંપદા છે. તેમના માટે ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ શ્લોકનું ગાન પુરતું નથી. શિક્ષકો ફક્ત ભણાવતા નથી, બાળકોના ભવિષ્યને પણ આકાર આપે છે તેમનું આર્થિક શોષણ કરવાના બદલે તેમને સમાન કામ, સમાન વેતનના સિદ્ધાંત અનુસાર વેતન મળવું જોઈએ.

ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ભાજપની સરકારની નીતિ રાજ્યના યુવાનો અને યુવતીઓનું વર્ષોથી આર્થિક શોષણ કરવાની રહી છે. છેલ્લા ૧૫-૨૦ વર્ષથી સરકારના વિવિધ વિભાગો, મંત્રાલયો અને બોર્ડ-નિગમોમાં સાત લાખ કરતા વધારે કર્મચારીઓ કરાર આધારિત કામ કરીને આર્થિક શોષણનો ભોગ બની રહ્યા છે. નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાના કારણે આવા કર્મચારીઓ માટે પણ એક આશા ઊભી થઈ છે. લાંબી કાયદાકીય લડત લડ્યા બાદ આ ચુકાદાના કારણે પોલિટેકનિક અને સરકારી એન્જિનિયરિંગ કોલેજોમાં કાર્યરત 210 જેટલા સહાયક પ્રાધ્યાપકોને સીધો ફાયદો થશે. રાજ્ય સરકાર યેનકેન પ્રકારે 250 જેટલા કરાર આધારિત પ્રાધ્યાપકોને ટર્મિનેટ કરી ચૂકી છે એ દુઃખદ બાબત છે. ગુજરાતમાં સરકારી ઈજનેરી કોલેજ અને સરકારી પોલિટેકનિક કોલેજોમાં માત્ર 45 થી 55 ટકા અધ્યાપકો અને કર્મચારીઓ કાર્યરત છે. રાજ્યમાં એમ.બી. શાહ કમિશન કમિશને પણ કરાર આધારિત યોજનાને નાબૂદ કરવાની ભલામણ કરી હોવા છતાં રાજ્ય સરકાર એ દિશામાં કોઈ કામ કરતી નથી અને રાજ્ય સરકાર યુવાન-યુવતીઓનું વર્ષોથી આર્થિક શોષણ કરી રહી છે તે આપણા સૌના માટે ચિંતાજનક છે. નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાથી સમાન કામ, સમાન વેતનના સિદ્ધાંતને મહોર લાગી છે અને સાત લાખ કર્મચારીઓના પરિવારોની આશા જીવંત થઈ છે ભાજપ સરકાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાનો અભ્યાસ કરીને તાત્કાલિક તેની અમલવારી કરે.

ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે ભૂતકાળમાં ફિક્સ પગારને ગેરબંધારણીય ઠરાવેલી. ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચનો ચુકાદો ગુજરાતના યુવાન-યુવતીઓને આર્થિક શોષણમાંથી મુક્તિ આપવા માટે ફિક્સ પગારની પ્રથા નાબુદ કરવાનો હતો, તેની સામે પણ ગુજરાતની ભાજપ સરકાર સુપ્રિમ કોર્ટમાં ગઈ છે, જેમાં પણ તારીખ પર તારીખ પડી રહી છે, જેના કારણે ફિક્સ પગારમાં કામ કરતા કર્મચારીઓને હેરાનગતિ થઈ રહી છે. ગુજરાતમાં ભાજપની સરકારનું આર્થિક શોષણનું મોડલ છે અને ગુજરાતના યુવાન-યુવતીઓને સમાન કામ, સમાન વેતન અંગે ન્યાય નથી મળતો ત્યારે આગામી દિવસોમાં કોંગ્રેસ પક્ષ તેની સામે લડત આપશે.

ડૉ. મનિષ એમ. દોશી

મીડીયા કન્વીનર અને પ્રવક્તા